રે.દી.દરખાસ્ત– નં. ૩૮/૨૦૨૫

–:આંક–૧ લગત હુકમ:–

આ કામે વાદી હુકમનાના દેણદાર દવારા સદર દરખાસ્ત દાખલ કરતા ધોરણસર નોંધી આ કામના પ્રતિવાદી હુકમનાના દેણદાર ને આંક–૫ થી નોટીસ કરતા  વગર બેજેલ પરત મળેલ છે. ત્યાર બાદ વાદી તરફે આંક–૬ થી નોટીસ રી ઈસ્યુ કરવા અરજી આવતા આંક–૭ થી ફરીથી નોટીસ કરતા પ્રતિવાદી બહાર ગામ રહેવા જતા રહેલ હોવાથી વગર બજે પરત આવેલ છે. ત્યાર બાદ વાદી કંપની તરફે આંક–૮ થી પ્રતિવાદી નુ નવુ સરનામુ રજુ કરવા માટે મુદત માંગતા ન્યાયના હિતમા મુદત અરજી ઓ મંજુર કરવામા આવેલી, આજરોજ વાદી કંપની તરફથી પ્રતિવાદીનુ સરનામુ રજુ રાખેલ નથી કે કોઈ અરજ અહેવાલ નથી. આમ વાદી કંપની ને પુરતો સમય આપેલ હોવા છતા પ્રતિવાદીના સરનામાના સરનામા ના અભાવે જપ્તી વોરંટ ની બજવણી થઈ શકેલ ન હોય. આજરોજ પ્રતિવાદીનુ કોઈ સરનામુ રજુ રાખેલ ન હોય આમ વાદી કંપનીને હાલની દરખાસ્ત આગળ ચલાવવા કોઈ રસ હોય તેવુ જણાતુ ન હોય તેવા સંજોગોમા સી.પી.સી. ઓ.૨૧ રૂલ ૧૦૫ ની જોગવાઈ અન્વયે વાદી કંપનીના કસુરના કારણે વાદી ની હાલની દરખાસ્ત ડીસમીસ ફોર ડીફોલ્ટ થી આથી ફેસલ કરવામા આવે છે.

વધુમાં આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, સમય મર્યાદાની જોગવાઈઓને આધીન વાદી કંપની ફરી દરખાસ્ત દાખલ કરવા હકકદાર રહેશે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૨૦, માહે એપ્રીલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત મા વાંચી સંભળાવી જાહેર કર્યો.

જામજોધપુર.

તા.૨૦/૦૪/૨૦૨૬

(એન.આર.ગોહેલ)
પ્રિન્સીપાલ સીવીલ જજ,
જામજોધુર.
જજકોડ –જીજે–૦૧૫૮૪